<u>વેચાણ દસ્તાવેજ</u>
॥ समृध्धि प्रारंभ ॥
"PART - 1"

આજરોજ **તારીખ : ....../....../૨૦૨૩** ના રોજ **"SAMRUDDHI PRARAMBH : PART - 1"** નામની યોજના પૈકી **ડુપ્લેક્ષ નંબર :** .... વાળી મિલકતનો **રૂ.**................./- **અંકે રૂપીયા** .... **પુરા** માં વેચાણ દસ્તાવેજ ... ...

<u>લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા :</u>

PRANAV BUILDTECH, [PAN : ABCFP 6392 B] નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર - ....**,** [Aadhar No. ....] ઉ.વ.આ.પુખ્ત, ધંધો : વેપાર, પેઢીનું સરનામું : એ/૨-એ, વૈષ્ણવ વીલા, એમ.એમ. વોરા શો-રૂમ સામે, સોમા તળાવ પાસે, ડભોઈ રોડ, વડોદરા.
(જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં **"પહેલા પક્ષવાળા"** અથવા **"વેચાણ આપનાર"** અથવા **"અમો"** તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં પહેલા પક્ષ**વાળી પેઢી** ના હાલના તથા વખતો વખતના હયાત ભાગીદારોનો પોતેજાતે તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

<u>લખી લેનાર / વેચાણ રાખનાર / બીજા પક્ષવાળા :</u>

(1) ...., Aged .... years, Occupation ....,
[PAN : ....] – [Aadhaar No.................................]
(2) ...., Aged .... years, Occupation ....,
[PAN : ....] – [Aadhaar No.................................]
Residing at ....
(જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં **"બીજા પક્ષવાળા"** અથવા **"વેચાણ રાખનાર"** અથવા **"તમો"** તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં બીજા પક્ષવાળા તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

સદર વેચાણ દસ્તાવેજ અમો / લખી આપનારા તમો / બીજા પક્ષવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે ... ...

૧. (એ) જત, સદરહું **ગુજરાત રાજ્ય**ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ **વડોદરા** ના સબ -ડીસ્ટ્રીકટ **વાઘોડીયા** ના મોજે ગામ **શ્રીપોર ટીંબી** ની સીમમાં **સર્વે / બ્લોક નંબર : નંબર : ૫૯, જુનો સર્વે / બ્લોક નંબર : ૫૧/૨, સીટી સર્વે નંબર : NA59 (સીટી સર્વે ઓફીસ : વડોદરા -૪, વોર્ડ : શ્રીપોર ટીંબી - બીનખેતી, શીટ નંબર : NA99), ટી. પી. સ્કીમ નંબર : ૨૮ - બી, ફાઈનલ પ્લોટ નંબર : ૩૨૯ વાળી ૧૮૨૪૦-૦૦ ચો. મીટર બિન ખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ)** વાળી જમીન **અમો / લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા - PRANAV BUILDTECH,** નામની ભાગીદારી પેઢી ના નામે સદરહું જમીન અગાઉના જમીન માલિકો – દુધાત શરદભાઈ વિનુભાઈ અને દુધાત જશુબેન વિનુભાઈ તે ગીરીશભાઈ પટેલના પત્નિ પાસેથી વેચાણ રાખી **તારીખ : ૦૮/૦૪/૨૦૨૩** ના રોજ **વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૨૬૪૬** થી વેચાણ દસ્તાવેજ સબ-રજીસ્ટ્રાર

કચેરી, વાઘોડીયા માં નોંધાવી માલીક બનેલ છે,જે વેચાણ દસ્તાવેજ ના અમો / લખી આપનારાના નામની નોંધ સીટી સર્વે ઓફિસ : વડોદરા - ૪ ના વોર્ડ : શ્રીપોરટીબી (બીનખેતી) ના સીટી સર્વે નંબર : **NA59** થી થયેલ છે અને જે નોંધ સક્ષમ અધિકારી તરફથી તારીખ : ૨૫/૦૬/૨૦૨૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(બી) જત, સદરહું જણાવેલ જીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ **વડોદરા** ના સબ – ડીસ્ટ્રીકટ **વાઘોડીયા** ના મોજે ગામ **શ્રીપોર ટીબી** ની સીમમાં **સર્વે / બ્લોક નંબર : નંબર : ૫૯, જુનો સર્વે / બ્લોક નંબર : ૫૧/૨ વાળી ૧૮૨૪૦-૦૦ ચો. મીટર** વાળી જમીન અંગે મહેરબાન કલેકટરશ્રી, વડોદરા નાએ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ - ૧૮૭૯ ની કલમ - ૬૫ હેઠળ બિનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) માટેની પરવાનગી તારીખ : ૨૨/૦૭/૨૦૨૨ ના રોજ હુકમ નંબર : ૧૨૭૫ / ૧૯ / ૦૩ / ૦૭૮ / ૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે, અને આ હુકમની નોંધ ગામના રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નંબર : ૮૬૩, તારીખ : ૨૨/૦૭/૨૦૨૨ ના રોજ થયેલ છે.

(સી) જત, ઉપર જણાવેલ **વાઘોડીયા** ના મોજે ગામ : **શ્રીપોરટીબી** ની સીમમાં **રે. સર્વે નંબર : ૫૧/૨ (જુનો), રે. સર્વે નંબર : ૫૯ (નવો), મુળ ખંડ નંબર : ૩૨૯, અંતિમ ખંડ નંબર : ૩૨૯, નગર રચના યોજના નંબર : ૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટીબી)** વાળી જમીનમાં બાંધકામ કરવાની પરવાનગી વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ (વુડા) ની રજાચીઠ્ઠી નંબર : યુડીએ / પ્લાન - ૩ / પરવાનગી / ૦૨ / ૨૦૨૩, તારીખ : ૦૪/૦૭/૨૦૨૩ થી મેળવ્યા મુજબ અને મંજુર થયેલ નકશા મુજબ **સબ - પ્લોટ નંબર : એ વાળું ક્ષેત્રફળ : ૮૧૬૬-૦૦ ચો. મીટર** માં **"SAMRUDDHI PRARAMBH : PART - 1"** નામની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે, અને આ પરવાનગી મુજબની જમીનમાં **સબ - પ્લોટ નંબર : એ માં રહેણાંક હેતુના કુલ - ૫૯ મકાનો (પ્લોટેડ)** નું વિકાસ કામ માટે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

(ડી) જત, જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા / વિકાસકર્તા / ડેવલોપર તરફથી સદરહું યોજનાનું રજીસ્ટ્રેશન **રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા) માં નોંધની નંબર : ...., Date : ....** થી કરાવેલ છે અને સદરહું કાયદાના મોડલ એગ્રીમેન્ટ (કરાર) મુજબે જમીન માલિક અને ડેવલોપર તરફથી સદરહું વેચાણ દસ્તાવેજમાં જણાવેલ વેચાણ લેનાર / ખરીદનારનાની તર્ફે નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકતનું બાનાખત કરાર સબ – રજીસ્ટ્રાર કચેરી, વાઘોડીયા માં અનુક્રમ નંબર : ......, તારીખ : .... અથવા નોટરી પબ્લીકના નોટરી રજીસ્ટર નંબર : ...., તારીખ : .... થી નોંધાવવામાં આવેલ છે. આમ, ઉપરોકત જણાવેલ તમામ પક્ષવાળાઓને રેરાના કાયદાની તમામ કલમો/નિયમોથી સંમત અને બંધનકર્તા છે અને આમ સદરહું વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે. અને તમો / લખી લેનારાએ યોજનાને લગતા તમામ ડોકયુમેન્ટ જેવાકે જમીન માલીકના માલીક હક્ક તથા કબજા હક્કના પુરાવા, મંજુર થયેલ નકશા, સ્થળ ઉપર થઈ રહેલ/થનાર બાંધકામના વર્કિંગ ડ્રોઈંગ, ટાઈટલ કલીયર સર્ટીફીકેટ, વિકાસ પરવાનગી વિગેરે અન્ય જોઈ તપાસી ખાતરી કરી સદરહું યોજનામાં આવેલ પીરશિષ્ટમાં દર્શાવેલ મિલકત વેચાણ રાખેલ છે.

૨. જત, સદર તમો / લખી લેનારને નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકત અમો / પહેલા પક્ષવાળા / લખી આપનારની રાજીખુશીથી આપણી વચ્ચે અગાઉ નક્કી થયેલ યોગ્ય અને વ્યાજબી બજારકિંમત **રૂ..................../- અંકે રૂપીયા ....**

પુરા માં વેચાણ આપવાનું નક્કી કરેલ હોઈ, નક્કી થયા મુજબનો વેચાણ અવેજ ચુકતે મળતાં સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. સદર કુલ વેચાણ અવેજની રકમ તમો લખી લેનારા તરફથી અમોને નીચેની વિગત મુજબ ચુકતે વસુલ પ્રાપ્ત થયેલ છે.

વેચાણ અવેજ મળ્યાની વિગતઃ-

રકમ (રૂા.)	તારીખ	ચેક / ડીડી નંબર	બેંક / અન્ય વિગત

સદર ઉપરોકત વિગત મુજબ વેચાણ અવેજની રકમ તમો આ લેખના લખી લેનારા તરફથી આ વેચાણ દસ્તાવેજ અન્વયે ચુકતે મળ્યાની આથી પહોંચ પાવતી આપી તે વેચાણ અવેજ ચુકતે મળ્યાનું કબુલ કરી અને તેના બદલામાં આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. અને વધુમાં સરકારશ્રીના કાયદાઓ હેઠળ નાયબ નોંધણી નિરીક્ષકશ્રી, ગાંધીનગરનાએ કરેલ પરિપત્રમાં જણાવ્યા મુજબ ભારતીય નોંધણી અધિનીયમ -૧૯૦૮ ની કલમ – ૨૧ અન્વયે નોંધણી અર્થે રજુ થતાં લેખોમાં મિલકતની સ્પષ્ટ ઓળખ માટે મિલકતનો ફોટો લગાવવો જરૂરી હોઈ, આ લેખ અન્વયે હાલ સ્થળસ્થિતી મુજબની મિલકતનો ફોટો લગાવી આપણી વચ્ચે નક્કી થયા મુજબ આ વેચાણ દસ્તાવેજ લખી આપી, અમો લખી આપનાર-પેઢી નાએ નક્કી થયા મુજબની મિલકત વેચાણ આપી, તમો / લખી લેનારાને ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો માલીકી હક્કે સોંપેલ છે. જેનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો સંપૂર્ણ માલીકી હક્કેથી તમો લખી લેનારાએ સંભાળી લીધેલ છે. અને સદરહું યોજનાનું કંમ્પલીશન સર્ટીફીકેટ આવ્યા તારીખથી અથવા પઝેશન આપ્યા તારીખથી **પાંચ - વર્ષ** સુધી વેચાણ આપેલ મિલકતને લગતી કોઈ ખામીઓ ઉપસ્થીત થાય તો તેનું રીપેરીંગ / મરમ્મત / સમારકામ કરી આપવાની તમામ જવાબદારી લખી આપનાર ની છે અને રહેશે, અને જો તે ખામીઓ નું રીપેરીંગ / મરમ્મત / સમારકામ તમો લખાવી લેનારે કરવાનું થાય તો તે અંગે લખાવી લેનારે કરેલ તમામ ખર્ચ લખી આપનાર આપવા બંધાયેલ છે. પરંતુ લખી આપનારના કાબુ બહારના સંજોગો અથવા અન્ય કોઈ ચોક્કસ કારણે કે જે લખી આપનારને લગતુ ના હોય તો તેવા સંજોગોમાં થયેલ નુકશાનની જવાબદારી લખી આપનારની રહેશે નહી. તેમજ તે સીવાયની એટલેકે જોઈ તપાસી ચોકસાઈ પૂર્વક ખાતરી કરી કબજો સંભાળી લીધા બાદ જો વેચાણ રાખેલ મિલકતમાં અન્ય કોઈ ખામી વેચાણ રાખનાર ધ્વારા ઉપસ્થીત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી અને તેને લગતો તમામ ખર્ચની પણ જવાબદારી તમો વેચાણ રાખનારની છે અને રહેશે તેવી સ્પષ્ટ સમજુતી સહ સદરહું વેચાણ દસ્તાવેજ કરેલ છે.

૩. સદર જમીન મિલકત ઉપર કોઈ પણ વ્યકિત, બેંક, શ્રોફ યા નાણાંકિય સંસ્થાનો ચાર્જ, ગીરો, બોજો કે લીયન કે સુખાધીકાર અગરતો કોઈ પણ પ્રકારનો કોઈ પણ હક્ક કે અધિકાર અમો / લખી આપનારે ઉભો કરેલ નથી. તેમજ સદર જમીન મિલકત અમોએ અન્ય કોઈને જામીનગીરીમાં લખી આપેલ નથી કે તેના ઉપર કોર્ટનો મનાઈ હુકમ કે એટેચમેન્ટ નથી. સદર જમીન મિલકત અંગે અમોએ કોઈ પણ પ્રકારના વેચાણ કે ટ્રાન્સફર કરવા અંગેનો

કરાર, બાનાખતથી કે ભેટ કરારથી કે લેખીત યા મૌખીક અન્ય કોઈ પણ વ્યકિત, સંસ્થા કે વ્યકિતના સમુહની તરફેણમાં કરી આપેલ નથી. અમો / લખી આપનારે તમોને વેચાણ આપેલ મિલકતના ટાઈટલ કિલયર અને માર્કેટેબલ છે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીએ છીએ. તેમ છતાં સદર જમીન મિલકતના ટાઈટલ અંગે કોઈ પણ જાતનો વાંધો અગર તકરાર યા અડચણ ઉભી થાય તો તે તમામ હરકતો અમો / લખી આપનાર, તમોને અમારા ખર્ચે દુર કરાવી આપીશું. જો તે તમારે દુર કરવા યા કરાવવાનો પ્રસંગ આવેતો તે અંગેનો તમામ ખર્ચ અમો / લખી આપનાર તમોને તાત્કાલીક કોઈપણ પ્રકારની તકરાર સીવાય ચુકવી આપવા માટે બંધાયેલા છીએ તેની બાંહેધરી અને વિશ્વાસ આપવામાં આવે છે.

૪. સદર જમીન મિલકત અંગેના આજદિન સુધીના તમામ સરકારી તેમજ અર્ધ-સરકારી વેરા, વડોદરા મહાનગર સેવાસદનના ટેક્ષ તથા રેવન્યુ ટેક્ષ અમોએ ભરેલા છે અને સદર વેચાણ દસ્તાવેજ થયા બાદના તમામ વેરા તથા ટેક્ષ તમો / વેચાણ લેનારે ભરવાના રહેશે. પરંતુ સદર વેચાણ દસ્તાવેજ થયા બાદ ભવિષ્યમાં આજદિન સુધીના જો કોઈ વેરા અથવા ટેક્ષ બાકી નીકળી આવશે તો તે તમામ રકમ અમો / લખી આપનારે ભરવાની રહેશે તેવી બાંહેધરી અને વિશ્વાસ આપવામાં આવે છે. તથા સર્વીસટેક્ષ, વેટ તથા સરકારી અર્ધસરકારી તથા કોર્પોરેશનમાં જેકાંઈ વેરા આવે તે તમામ વેરાઓ વેચાણ દસ્તાવેજ થયાબાદ લખી લેનારે ભરવાના રહેશે. સદર વેચાણ દસ્તાવેજની સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી, લખાઈ ફી વિગેરે જેવો તમામ ખર્ચ તમો / લખી લેનારે ભોગવેલ છે અને ભવિષ્યની જે કાંઈ વધારાની સ્ટેમ્પ ડયુટીની રકમ ભરવાની આવે તો તે તમામ રકમ ભરવાની જવાબદારી તમો / વેચાણ લેનારની છે.

૫. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ વેચાણ આપેલ મિલકત તમો / વેચાણ રાખનારને નળ, ડ્રેનેજ, લાઈટ વિગેરે તમામ સુવીધાઓને લાગતા તમામ પ્રકારના હક્કો સહ, હવા ઉજાસ તથા સુખાધીકારના હક્કો સાથેની તથા તેને લાગતા વળગતા સોસાયટીના આંતરીક તથા સહીયારા રસ્તાના તથા પાણી નિકાલના સર્વે પ્રકારના હક્કો સાથેની મિલકતના તમામ પ્રકારના કોમન હક્કો સાથેની તથા **"SAMRUDDHI PRARAMBH : PART - 1"**ના સભાસદ તરીકેના તમામ હકકો યાવત ચંદ્ર દિવાકરો, કુલ અભરામના દાવે સુરજ ચંદ્ર તપે ત્યા સુધીના હક્કો તથા અધિકાર સાથે આજરોજ વેચાણ આપવામાં આવે છે. સદર પરિશિષ્ટમાં જણાવેલ મિલકતના તમો / બીજા પક્ષવાળા આજથી માલિક થયા છો અને આ મિલકતનો માલિકી હક્ક યોજનાના નિયમોને આધિન રહીને તમારે ઉપયોગ અને ઉપભોગ કરવા તથા કરાવવાનો છે. સદર પરિશિષ્ટમાં જણાવેલ મિલકત ઉપર તમો આજથી સંપૂર્ણ હક્ક ધરાવો છો અને તેમાં અમો તથા અમારા વંશ, વાલી, વારસદારોનો કોઈ પણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિસ્સાનો સંબંધ રહેતો નથી.

૬. સદર **"SAMRUDDHI PRARAMBH : PART - 1"** નામની યોજના પૈકી નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકત સદર વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલ છે. તેથી યોજનાના કોમન પાર્કિંગની જગ્યા તમામ સભાસદો / મેમ્બરોએ કોઈને આવવા-જવામાં અડચણ રૂપ ન થાય તે રીતે પાર્કિંગ કરવુ - કરાવવાનું છે અને તમામ સભાસદોએ / મેમ્બરોએ પાર્કિંગની જગ્યામાં કોઈ પણ જાતનું પાર્કીંગ અર્થે અથવા અન્ય કોઈ પણ અર્થે બાંધકામ કરવુ-કરાવવાનું નથી.

૭. અમો / લખી આપનારે, તમો / લખી લેનારને વેચાણ આપેલ મિલકતના તમો માલિક છો અને સદર વેચાણ દસ્તાવેજના આધારે સદરહું મિલકત સીટી સર્વે કચેરી, તલાટી કચેરી, વડોદરા મહાનગર સેવાસદન કચેરી, મધ્ય ગુજરાત વિજ કંપની લિ., રેવન્યુ દફતરે તથા સરકારી તેમજ અર્ધ-સરકારી તથા અન્ય સંસ્થા વિગેરેમાં તમો / વેચાણ રાખનારના નામે

કરાવી શકશો. આ માટે અમો / લખી આપનારની જયાં જયાં અને જયારે જયારે સહી-સંમતીની જરૂર પડે ત્યાં અને ત્યારે તે તમામ તમો / લખી લેનારને કરી આપવા માટે કાયદેસર બંધાયેલા છીએ. સદર યોજના / યોજના માં કોમન રોડ-રસ્તા તથા કોમન પ્લોટમાં અને કોમન પાર્કિંગની જગ્યામાં વેચાણ રાખનારે કોઈપણ જાતનો કોઈ કામ ચલાઉ કે કાયમી પ્રકારનું બાંધકામ કરવાનું નથી કે શેડ બનાવવાનો નથી કે કોઈપણ જાતનું દબાણ કરવાનું નથી કે આજુબાજુની મિલકતના માલિકોને અગરતો યોજનાના અન્ય મિલકત માલિકોને માનસીક ત્રાસ કે દુઃખ, દર્દ કે અડચણ થાય તેવો ઘોંઘાટ કરવાનો નથી. તેમ છતાં આવુ કૃત્યા વેચાણ રાખનાર કરશે તો તે અટકાવવાની પુરે પુરી સત્તા યોજનાના અન્ય સભાસદો / માલિકોની છે અને રહેશે અને તેવો તેવી કામગીરીને રોકવા હક્કદાર અને અધિકારી છે અને રહેશે.

૮. સદર વેચાણ આપેલ મિલકત **“SAMRUDDHI PRARAMBH : PART - 1”** માં આવેલ છે. તેથી યોજનાના તમામ સભાસદો / મેમ્બરો ભેગા મળીને જાળવણી, સાચવણી, સફાઈ, નીભાવણી, કોમન મેન્ટેનન્સ, ચાર્જીસ માટે વિકાસ મંડળ કે એશોસીએશનની રચના કરવામાં આવે તો તેમાં તમો / લખી લેનારે ફરજીયાત સભાસદ / મેમ્બર થવાનું રહેશે અને તેના નીતી નીયમોનું ફરજીયાત પણે પાલન કરવાનું રહેશે. તેથી સદર યોજનાના તમામ સભાસદોએ જે કાંઈ સહીયારા હક્ક અને અધિકાર મળવા પાત્ર છે તે તમામ તમો મેળવાને હક્કદાર છો અને વહિવટ ખર્ચ, કોમન સુવીધા માટે વરાડે/સરખા ભાગે આવતો ખર્ચ પણ તમારે આપવાનો રહેશે તેવી સ્પષ્ટ સમજુતી અને શરતથી સદર વેચાણ દસ્તાવેજ તમોને લખી આપવામાં આવેલ છે.

૯. યોજનાની કોમન લાઈટ, કોમન સુવિધાઓ વિગેરે જે કાંઈ મુકવામાં આવે તેનો નીભાવણી ખર્ચ, લાઈટ બીલ તથા સામુહીક વપરાશની તમામ ચીજ વસ્તુઓના રીપેરીગ ખર્ચ, મેન્ટેનન્સ, ચાર્જીસ વિગેરે જેવા તમામ ખર્ચ તથા નવીન નાખવાનો ખર્ચ યોજનાના તમામ સભાસદોએ વરાડે / સરખા હીસ્સે આપવાનો છે તે પ્રમાણે તમોએ પણ આપવાનો રહેશે.

૧૦. સદર યોજનાના કલર, એલીવેશન વિગેરેમાં કોઈ પણ મેમ્બર / સભાસદોએ કોઈપણ જાતનો ફેરફાર કરવાનો નથી. સદર યોજના ના સ્ટ્રકચરમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર જેવોકે બીબ કે કોલમમાં સુધારો – વધારો કોઈ પણ સંજોગોમાં હાલમાં કે ભવિષ્યમાં કરી શકશે નહી પરંતુ આંતરીક દિવાલો, બીબ કે કોલમના બાંધકામમાં કોઈ વધારો કે ઘટાડો કરાવવાનો હોય કે કોઈ ભારે મશીનરી વિગેરે મુકવાની હોય તો તે ગર્વમેન્ટ સર્ટીફાઈટ સ્ટ્રકચરલ કન્સલટન્ટની સલાહ અને પરવાનગી લીધા બાદ તથા મિલકતના સહમાલીકોના એસોસીએશન પાસેથી એન.ઓ.સી. મેળવ્યા બાદ જ કરી શકશે. તેમજ સદર સમગ્ર **“SAMRUDDHI PRARAMBH : PART - 1”**નામની યોજનાના વડોદરા મહાનગર સેવા સદને / મ્યુનિસિપલ કોર્પોરેશ / વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ ને બાંધકામ અર્થે મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ ખુલ્લી જમીનમાં કોઈ પણ પ્રકારે કોઈ પણ સભાસદ / મેમ્બર હાલમાં કે ભવિષ્યમાં અંગત માલિકી માગી શકશે નહી. તે જમીન કાયમને માટે ખુલ્લી રાખવા વેચાણ રાખનાર તથા સમગ્ર યોજનાના અન્ય સભાસદો બંધાયેલા છે અને રહેશે. યોજનાના કોમન દાદાર, કોમન પેસેજમાં કોઈપણ જાતનું કોઈ સામાન મુકવાનો નથી.

૧૧. નીચે પરિશિષ્ટમાં જણાવેલ વેચાણ આપેલ મિલકતની જે દિવાલો બાજુની મિલકત સાથે લાગીને આવેલ છે તે તથા ઉપર – નીચે ના સ્લેબની તમામ દિવાલો તે બંન્નેની સહીયારી ગણાશે અને તેનું માપ દિવાલના મધ્ય બિંદુથી ગણવાનુ છે.

૧૨. સમગ્ર **“SAMRUDDHI PRARAMBH : PART - 1”** ની તમામ સામુહીક સુવિધાઓ (એમીનીટીશ), કોમન રોડ - રસ્તા, કોમન પ્લોટ માં તમો / વેચાણ રાખનાર કોઈ પણ પ્રકારે માલિકી હક્ક કરી શકશે નહી કે જુદો ભાગ માંગી શકશે નહી.

૧૩. ભવિષ્યમાં તમો / વેચાણ રાખનાર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકત વેચાણ અથવા તબદિલ અથવા ગીરો કરો ત્યારે સદર વેચાણ દસ્તાવેજથી તમોને જે જે હકકો અને અધિકારો મળેલ છે, ફકત તેજ મળેલ હક્કો અને અધિકારો તથા સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ ઉપરના નીયમો તથા શરતોને તથા વખતો વખત બનાવવામાં આવેલ નીયમોને આધિન હક્કો અને અધિકારો સહ વેચાણ અથવા તબદિલ અથવા ગીરો કરી શકશો તેવી સ્પષ્ટ શરત સહ સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૪. સદર યોજનામાં સભાસદોએ જે તે ટાવર / વિંગ માટે આપેલ મેન્ટેનન્સ ચાર્જની રકમના વ્યાજ માંથી જરૂરી ખર્ચાઓ પહોંચી ન શકાય તો જે તે યોજના ના તમામ સભાસદો પાસેથી વધારાના મેન્ટેનન્સ ચાર્જની રકમ ઉઘરાવવાની રહેશે અને તે વધારાના ખર્ચની નક્કી કરેલ રકમ દરેક સભાસદે સરખા હીસ્સે ફરજીયાત આપવાની રહેશે.

૧૫. જત, સદરહું **“SAMRUDDHI PRARAMBH : PART - 1”** નામની યોજના વાળા એલોટી / મેમ્બરોએ ભેગા મળીને **"SAMRUDDHI PRARAMBH : PART - 1 Owners Association Co. Op. Service Society Ltd."** નામથી એસોસીએસન કરવાનુ રહેશે, આમ, સદરહું **“SAMRUDDHI PRARAMBH : PART - 1”** નામની યોજનામાં ડુપ્લેક્ષ વાળા એલોટી / મેમ્બરોનો યોજનામાં આવેલ કોમન પ્લોટ, કોમન એમીનીટીસ, કલબ હાઉસ વિગેરેનો ઉપયોગ સહીયારી રીતે કરવાનો રહેશે તેવી સ્પષ્ટતા સહ સદરહું વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે.

૧૬. સદરહું **“SAMRUDDHI PRARAMBH : PART - 1”** વાળી યોજનામાં આવેલ કલબ હાઉસ અને કોમન એમીનીટીસની તમામ સુવીધાઓ ફકત ને ફકત **ડુપ્લેક્ષ** ના માલિકોની સહીયારી રહેશે અને તેનો સહીયારો વાપર ઉપયોગ **ડુપ્લેક્ષ** ના એલોટી / મેમ્બરો / સભાસદ / માલિકોએ કરવાનો રહેશે. અને આ **ડુપ્લેક્ષ** ના એલોટી / મેમ્બરો / સભાસદ / માલિકોઓ વચ્ચે એક જ સહીયારૂ એસોસીએશન **"SAMRUDDHI PRARAMBH : PART - 1 Owners Association Co. Op. Service Society Ltd."** નામથી બનાવવાનું છે અને રહેશે અને આ એસોસીએશનમાંથી યોજના વચ્ચેની લબ હાઉસ અને કોમન એમીનીટીસની તમામ સુવીધાઓ વિગેરેનું સંચાલન અને વહીવટી લગત તમામ ખર્ચ **"SAMRUDDHI PRARAMBH : PART - 1 Owners Association Co. Op. Service Society Ltd."** માંથી કરવાનો રહેશે.

૧૭. વધુમાં સદરહું યોજનાના મંજુર થયેલ નકશામાં દર્શાવેલ **સબ - પ્લોટ નંબર : બી વાળી ૨૨૭૫-૦૦ ચો. મીટર** વાળી યોજના કે જે **“SAMRUDDHI PRARAMBH : PART - 2”** તરીકે ઓળખાય છે તે યોજનાવાળાઓનો **“SAMRUDDHI PRARAMBH : PART - 1” વાળી યોજનાની સામુહિક સુવિધાઓ તથા કોમન રોડ તથા કોમન પ્લોટમાં કોઈ લાગ - ભાગ - હકક - હિસ્સો કે અધિકાર રહેશે નહી, મતલબ કે સદરહું “SAMRUDDHI PRARAMBH : PART - 1”** અને **“SAMRUDDHI PRARAMBH : PART - 2”** વાળી યોજનાઓ અલગ - અલગ છે અને બંન્ને યોજનાવાળાઓએ એક - બીજાની યોજનામાં કોઈ લાગ - ભાગ - હક્ક - હિસ્સો કે અધિકાર માંગવાનો નથી.

૧૮. **વિવાદનું નિરાકરણ :** કોઈ પણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઈઓને આધીન નિમવામાં આવેલ લવાદ દ્વારા નિકાલ કરવામાં આવશે.

૧૯. **એલોટી/લખી લેનાર/અનુગામી એલોટી/લખી લેનાર માટે સદર કરારની જોગવાઈઓ:** સદર કરારની કોઈ પણ જોગવાઈઓ કોઈ પણ કાયદો કે નિયમનો ભંગ થતો હોય તે અન્ય કાયદા હેઠળ તે બિનઅમલકારક હોય અથવા તેનાથી તે જોગવાઈને રદબાતલ કરવામાં આવશે અથવા તેમાં અમલમાં હોય તે કાયદા અનુસાર સુધારા-વધારા કરવામાં આવશે. તે સિવાયની કરારની અન્ય જોગવાઈઓ કરારની મુદત દરમ્યાન યથાવત અને અમલપાત્ર રહેશે.

૨૦. જત, સદરહું જમીન માલિક / પ્રમોટર / ડેવલોપર તરફથી જાહેર કરવામાં આવેલ છે કે સદરહું યોજનાનું કમ્પ્લીશન / બી. યુ. સર્ટીફીકેટ આવી ગયા બાદ તેઓ તરફથી સદરહું યોજનાની સંપૂર્ણ જમીન અંગે વધુ એફ.એસ. આઈ. ની માંગણી કરે - કરાવશે નહી તથા સદરહું યોજનાની અગાશી ઉપર કોઈ હક્ક-અધિકાર રહેશે નહી મતલબ કે તેઓની સદરહું યોજનાની સંપૂર્ણ જમીન તથા અગાશી ઉપર કોઈ લાગ - ભાગ - હકક - અધિકાર રહેશે નહી.

પરિશિષ્ટ
(વેચાણ આપેલ મિલકતનું વર્ણન)

ગુજરાત રાજ્ય ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ **વડોદરા,** રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ **વાઘોડીયા** ના મોજે ગામ **શ્રીપોર ટીંબી** ની સીમમાં **બ્લોક / સર્વે નંબર : ૫૯, જુનો સર્વે નંબર : ૫૧/૨, સીટી સર્વે નંબર : NA ૫૯, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નંબર : ૨૮-બી, ફાઈનલ પ્લોટ નંબર : ૩૨૯, ક્ષેત્રફળ : ૧૦૪૪૧-૦૦ ચો. મીટર બિન - ખેતીવાળી પૈકી સબ - પ્લોટ નંબર : એ વાળી ૮૧૬૬-૦૦ ચો. મીટર વાળી જમીનમાં "SAMRUDDHI PRARAMBH : PART - 1"** નામની યોજનાનું આયોજન કરેલ છે. તે પૈકી નીચે દર્શાવેલ મિલકત સદર **વેચાણ દસ્તાવેજ** થી વેચાણ આપેલ છે.

ડુપ્લેક્ષ નંબર	પ્લોટનું ક્ષેત્રફળ (ચો. મીટર)	કારપેટ એરીયા (ચો.મી.)	વરાડે પડતી વણવહેંચાયેલ જમીનનું ક્ષેત્રફળ (ચો. મી.)

જેની ચતુ : સીમા નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

સદર વેચાણ દસ્તાવેજ અમો / લખી આપનારાઓએ અમારી રાજીખુશીથી વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઈ, અકકલ હોંશીયારીથી, બીનકેફ અવસ્થામાં લખી આપેલ છે. જે

અમોને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશેજેના સાક્ષી પુરાવારૂપે નીચે અમારી પોતાની સહીઓ કરી આપેલ છે.

સ્થળ : **વાઘોડીયા**
તારીખ : ...../..../**૨૦૨૩**

લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા :

PRANAV BUILDTECH, નામની ભાગીદારી પેઢી
વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર

સાક્ષી :

....

....

<u>મિલકતની ઓળખ માટે ફોટો</u>

“SAMRUDDHI PRARAMBH : PART - 1”

------------------ ------------------

રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ ની કલમ ૩૨ (અ) મુજબ શિડ્યુલ

લખી લેનાર / વેચાણ રાખનાર / બીજી તરફવાળા :

લખી આપનાર / જમીન માલિક / પ્રમોટર / પહેલા પક્ષવાળા :

PRANAV BUILDTECH, નામની ભાગીદારી પેઢી
વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર

દસ્તાવેજ નંબર : .... તારીખ : ..../..../૨૦૨૩

:: પરિશિષ્ટ ::

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ – ૩૪ ની પેટા કલમ – ૩ મુજબનું ચેકલીસ્ટ

અ.નં.	પ્રશ્ન	જવાબ (હા/ના)
લખી આપનાર / સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો :		
૧	લેખમાં દર્શાવ્યા મુજબે **વડોદરા** ના મોજે ગામ **વાઘોડીયા** ના મોજે ગામ **શ્રીપોર ટીબી** ની સીમમાં **બ્લોક / સર્વે નંબર : ૫૯, જુનો સર્વે નંબર : ૫૧/૨, સીટી સર્વે નંબર : NA ૫૯, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નંબર : ૨૮-બી, ફાઈનલ પ્લોટ નંબર : ૩૨૯, ક્ષેત્રફળ : ૧૦૪૪૧-૦૦ ચો. મીટર બિન - ખેતીવાળી પૈકી સબ - પ્લોટ નંબર : એ વાળી ૮૧૬૬-૦૦ ચો. મીટર વાળી જમીનમાં "SAMRUDDHI PRARAMBH : PART - 1"** નામની યોજનામાં આવેલ **ડુપ્લેક્ષ નંબર** : .... નો **વેચાણ દસ્તાવેજ લેખ** કરી આપેલ છે?	હા
૨	લેખમાં દર્શાવ્યા મુજબ **ડુપ્લેક્ષ નંબર :** .... **વાળી મિલકતનું પ્લોટનું ક્ષેત્રફળ :** .... **ચો. મીટર અને કારપેટ નું ક્ષેત્રફળ :** .... **ચો. મીટર** છે તે મિલકત માટે **લેખ / વેચાણ દસ્તાવેજથી વેચાણ** આપેલ છે?	હા
૩	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે?	હા
૪	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાન છાપ કરેલ છે તેમ કબુલ રાખો છો?	હા
૫	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે?	----
૬	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓએ સહી/અંગુઠાનુ નિશાન કરેલ છે?	----
૭	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે?	----
૮	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો?	હા
ઓળખાણ આપનાર / સાક્ષી ને પુછવાના પ્રશ્નો :		
૧	દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે?	હા
૩	કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો?	હા

લખી આપનાર / સંમતિ આપનાર/કુ.મુ.ની સહી

PRANAV BUILDTECH, નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર

ઓળખાણ આપનાર (સાક્ષી) ની સહી :

સબ - રજીસ્ટ્રારની સહી : ....